આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

મહાન વ્યક્તિ આપણને એટલા માટે મહાન જણાય છે કે આપણે ઘૂંટણના ટેકે ઊભા છીએ
- સ્ટર્નર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૩ | ૧૩ જૂન, ૨૦૧૩, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સિવિલ કેમ્પસને ૧૭મી સુધી સ્વચ્છ બનાવવા તાકીદ

આરોગ્યમંત્રીની ઉપસ્થિતિમાં તંત્રને અપાયેલી કડક તાકીદને લઈ હરકતમાં આવેલા તંત્રએ સફાઈ ઝુંબેશ હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સિવિલ કેમ્પસની કન્સ્ટ્રક્શન સાઈટ પરની ડેબ્રીઝને ૧૭મી જૂન સુધીમાં દૂર કરી કેમ્પસને સ્વચ્છ બનાવવા માટેની કડક તાકીદ રાજ્ય સ્તરેથી કરવામાં આવી છે.

ગઈકાલે ગાંધીનગર ખાતે રાજયના આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજયમંત્રીશ્રી પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેરી વિસ્તારોમાં વાહકજન્ય રોગચાળાના અટકાયતી પગલાંઓની સમીક્ષા દરમ્યાન આ કડક તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ કેમ્પસમાં મેડીકલ કોલેજ અને હોસ્ટેલના બાંધકામની પ્રવૃત્તિ ચાલી રહી છે તે તેના અંતિમ તબક્કામાં છે. ત્યારે સરકાર સ્તરેથી આ કડક તાકીદ કરવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોલેજ નિર્માણની કામગીરીને લઈ ગત વર્ષે ત્યાંથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા હતા એટલું જ નહિ આ વખતે સે. ૧૨ ના વિસ્તારને સંભવિત રીતે સંવેદનશીલ વિસ્તાર તરીકે માનવામાં આવી રહ્યું છે ત્યારે આ કડક તાકીદને લઈ તંત્ર આજથી કામે લાગ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સિવિલ કેમ્પસમાં પાણીનો ભરાવો ના થાય, બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા મજૂરો માટે રહેવાની વ્યવસ્થા અલગથી બનાવવામાં આવે એટલું જ નહિ

● અનુસંધાન પાન-૭ પર